સુવિચાર : જ્યાં ભાગ્ય જેને તાજથી વંચિત રાખે છે... ત્યાં સંતોષ તેને મુગટ પહેરાવે છે - તામિલ કહેવત

**તાપમાન**
મહત્તમ : ૩૪.૫ ડીગ્રી
લઘુતમ : ૧૯.૦ ડીગ્રી
ભેજ
સવારે ૬૭ ટકા ● સાંજે ૪૬ ટકા

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૨૪૬ | ૧૭ નવેમ્બર, ૨૦૧૫, મંગળવાર ; કારતક સુદ - ૬ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ફટાફટ ન્યુઝ

- નરેન્દ્ર મોદી સરકાર પોલીસી સુધારા પર ફરી ધડાકો કરશે
- આઈએસના અડ્ડા પર હુમલા હજુ જારી જ રહે તેવા સ્પષ્ટ સંકેત
- નિતિશની તાજપોશી માટે અડવાણીને આમંત્રણ અપાયું
- એમ્સમાં કેન્સર-હાર્ટની દવા ૬૦ ટકા રાહત દરે ઉપલબ્ધ
- બેંગ્લોર ટેસ્ટ : ત્રીજા દિનની રમત પણ સંપૂર્ણપણે ધોવાઈ
- એનએસસીએન (કે) અંતે આતંકવાદી સંગઠન જાહેર
- બજારમાં રિકવરી : ફરીવાર ૧૫૦ પોઈન્ટનો સુધારો થયો
- આરબીઆઈ ડિસેમ્બરમાં વ્યાજદર યથાવત રાખે તેવી સંભાવના
- ફ્રાન્સમાં સ્લિપર સેલના લીડરો પણ સક્રિય હતા

# સિરિયામાં આઈએસના અડ્ડા પર ફ્રાન્સના ભીષણ હવાઈ હુમલા

**૧૨થી વધુ યુદ્ધ વિમાનો દ્વારા ૨૦થી વધુ બોંબ ઝિંકવામાં આવ્યા : જોર્ડન અને સંયુક્ત અરબ અમિરાતમાં રહેલા બેઇઝથી ફ્રાંસના યુદ્ધ વિમાનોએ ઉડાણ ભરી : અમેરિકન દળોનો પણ ટેકો : ત્રાસવાદીના અડ્ડાઓનો સફાયો**





પેરિસ,તા. ૧૬

પેરિસમાં અનેક જગ્યાઓએ આત્મઘાતી હુમલા અને ગોળીબારની ઘટના બાદ બદલો લેવાના ઈરાદા સાથે ફ્રાંસે આજે આ હુમલા માટે જવાબદાર આતંકવાદી સંગઠન આઈએસના અડ્ડાઓ ઉપર ભીષણ હવાઈ હુમલાઓ કર્યા હતા અને અનેક જગ્યાઓને ફુંકી મારી હતી. આઈએસના આતંકવાદીઓ સીરિયામાં જે વિસ્તારને પોતાના ગઢ તરીકે ગણે છે તે તમામ વિસ્તારોમાં ભીષણ હવાઈ હુમલા કરાયા હતા. ફ્રાંસના સંરક્ષણ મંત્રાલયના પ્રવક્તાએ માહિતી આપતા કહ્યું હતું કે, આઈએસઆઈએસના ટ્રેનિંગ કેમ્પ અને આઈએસના કમાન્ડ આઉટ પોસ્ટ ઉપર ૨૦થી વધુ બોંબ ઝિંકવામાં આવ્યા હતા. ૧૦ફાઈટર જેટ સહિત ૧૨ યુદ્ધ વિમાનો હુમલામાં જોડાયા હતા. જોર્ડન અને અખાતમાંથી આ જેટ વિમાનોએ ઉડાણ ભરી હતી. અમેરિકન દળોનો પણ ટેકો મળ્યો હતો.

● અનુસંધાન પાન-૭ પર

# તામિલનાડુમાં ભારે વરસાદ હજુ જારી

**મૃતાંક ૯૫ ઉપર પહોંચ્યો : આગામી ત્રણ દિવસમાં તમિળનાડુ, પુડુચેરી, આંધ્રમાં વરસાદ થશે : સતત ભારે વરસાદના પરિણામ સ્વરૂપે જનજીવન ખોરવાયું : ટ્રેન,વિમાની સેવાને પ્રતિકૂળ અસર : ઓફિસ જતા લોકો અટવાયા : સ્કુલ-કોલેજમાં રજા**

ચેન્નાઈ,તા. ૧૬

તમિળનાડુમાં છેલ્લા કેટલાક દિવસથી પડી રહેલા ભારે વરસાદના કારણે જનજીવન સંપૂર્ણપણે ખોરવાઈ ગયુ છે. ભારે વરસાદના કારણે મોતનો આંકડો ૯૫થી ઉપર પહોંચી ગયો છે.હવામાન વિભાગે કહ્યું છે કે, આગામી ત્રણ દિવસ દરમિયાન પણ તમિલનાડુમાં અતિ ભારે વરસાદ જારી રહેશે. ઉત્તર-પૂર્વ મોનસુનના પ્રભુત્વ હેઠળ ભારે વરસાદ પડી રહ્યો છે. શૈક્ષણિક સંસ્થાઓને બંધ રાખવામાં આવી છે. પુડુચેરી અને દરિયાકાંઠાના આંધ્રપ્રદેશમાં પણ ભારે વરસાદની શક્યતા દેખાઈ રહી છે. ચેન્નાઈમાં ઓફિસ જતા લોકોને આજે ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો હતો. કારણકે ઘણી જગ્યાએ પાણી ભરાયેલા હતા. ટ્રેન સેવા પણ ખોરવાઈ ગઈ હતી. દક્ષિણ ચેન્નાઈ, ઉત્તર ચેન્નાઈમાં પુરની સ્થિતિ સર્જાયેલી છે. શનિવાર રાતથી જ સતત ભારે વરસાદ પડી રહ્યો છે.

● અનુસંધાન પાન-૭ પર

# કઠોળ-ડુંગળી મોંઘા

**ઓક્ટોબર માસમાં ફુગાવો માઈનસ ૩.૮૧**
**શાકભાજીના ભાવમાં પણ આંશિક રીતે વધારો નોંધાયો**

નવી દિલ્હી,તા. ૧૬

ઓક્ટોબર મહિના માટે હોલસેલ પ્રાઈઝ ઈન્ડેક્સ આધારીત ફુગાવો (ડબલ્યુપીઆઈ) ઘટીને માઈનસ ૩.૮૧ ટકા થઈ ગયો છે. ઓક્ટોબર મહિનામાં હોલસેલ પ્રાઈઝ સતત બારમાં મહિનામાં ઘટતા લોકોને રાહત થઈ છે. ફુગાવો માઈનસ ૩.૮૧ ટકા રહ્યો છે. કઠોળ અને ડુંગળીની કિંમતો વધી હોવા છતાં ફુગાવો નકારાત્મક ઝોનમાં છે. સતત ૧૨ મહિનામાં હોલસેલ સપાટી નેગેટિવ ઝોનમાં રહેતા તંત્ર માટે સારા સમાચાર છે. ગયા વર્ષે નવેમ્બર મહિના બાદથી સતત આ જ સ્થિતિ જોવા મળી રહી છે. આજે આ અંગેના આંકડા જારી કરવામાં આવ્યા હતા. હોલસેલ પ્રાઈઝ ઈન્ડેક્સ આધારીત ફુગાવો સપ્ટેમ્બર મહિનામાં માઈનસ ૪.૫૪ ટકા હતો. ગયા વર્ષે ઓક્ટબર મહિનામાં આ આંકડો ૧.૬૬ ટકા હતો. કઠોળ અને ડુંગળીની કિંમત વધી છે. આ બન્નેમાં ફુગાવો ક્રમશઃ ૫૨.૯૮ ટકા અને ૮૫.૬૬ ટકા રહ્યો છે. આજે જારી કરવામાં આવેલા સત્તાવાર આંકડામાં દાવો કરવામાં આવ્યો છે કે, શાકભાજીના કેસમાં ભાવ વધારાનો રેટ ગયા વર્ષે આ જ મહિનામાં માઈનસ ૧૯.૩૭ ટકાની સામે ૨.૫૬ ટકા રહ્યો હતો. કઠોળ અને ડુંગળી ઉપરાંત જે ખાદ્યાન ચીજવસ્તુઓ વધારે મોંઘી થઈ છે તેમાં દૂધ, ઘંઉનો સમાવેશ થાય છે. દૂધમાં ૧.૭૫ ટકા અને ઘંઉમાં ૪.૬૮ ટકાનો ફુગાવો જોવા મળ્યો છે. જોકે, બટાકાના કેસમાં ફુગાવાનો રેટ નેગેટીવ ઝોનમાં રહ્યો છે અને આ રેટ માઈનસ ૫૮.૯૫ ટકા જોવા મળ્યો છે. ફયુઅલ અને પાવર સેગમેન્ટમાં ફુગાવાનો રેટ માઈનસ ૧૬.૩૨ ટકા રહ્યો છે.



एक कदम
स्वस्थता की ओर

Pagarav
Hospital & I.C.U.

ઓપીડી સર્વિસ

| | | |
|---|---|---|
| ફિઝિશિયન: | ડૉ. મૌલેશ ટેલર (MD) | ૯ થી ૧૨ (સોમ થી શનિ) |
| | ડૉ. મૌલિતા કાપડિયા (MD) | ૫ થી ૮ (સોમ થી શનિ) |
| ઓર્થોપેડિક: | ડૉ. ધવલ ગોસ્વામી (MS Ortho) | ૯ થી ૧ અને ૫ થી ૮ (સોમ થી શનિ) |
| ગાયનેક: | ડૉ. વિશાલ દવે (MD Gynec) | ૯ થી ૧ અને ૫ થી ૮ (સોમ થી શનિ) |
| પિડિયાટ્રિશિયન: | ડૉ. પાર્થ કલ્યાણી (MD Pedia) | ૯ થી ૧ અને ૫ થી ૮ (સોમ થી શનિ) |
| ઓપ્થેલ્મોલોજી: | ડૉ. હર્ષિત પટેલ (MS Ophth) | ૯ થી ૧ (બુધ, શુક્ર અને શનિ) |
| | ડૉ. વૈભવ સુતરિયા (MS Ophth) | ૫ થી ૮ (સોમ થી શનિ) |
| જનરલ સર્જરી: | ડૉ. પી. શાહ (MS Surgery) | ૧૦:૩૦ થી ૧૨:૩૦ (સોમ થી શનિ) |
| | ડૉ. પી. પટેલ (MS Surgery) | ૧૦:૩૦ થી ૧૨:૩૦ (સોમ થી શનિ) |
| | ડૉ. એચ. ચૌધરી (MS Surgery) | ૫:૩૦ થી ૮ (સોમ થી શનિ) |
| ડેન્ટીસ્ટ: | ડૉ. વંદના પટેલ (BDS) | ૯ થી ૧ અને ૪ થી ૮ (સોમ થી શનિ) |
| ફિઝિયોથેરાપી: | ડૉ. કૃપાલી રાઠોડ (BPT) | ૯ થી ૧ (સોમ થી શનિ) |
| | ડૉ. નિષિથ મોદી (BPT) | ૫ થી ૮ (સોમ થી શનિ) |
| પેઈન સ્પેશિયાલિસ્ટ: | ડૉ. અંકિત ચૌહાણ (MD) | ૬ થી ૮ (સોમ અને ગુરૂ) |
| પલ્મોનોલોજીસ્ટ: | ડૉ. જયંત ત્રિવેદી (MD) | ૬ થી ૮ (સોમ અને ગુરૂ) |

ઓપીડી ચાર્જિસઃ નવો કેસ - ૨૦૦/- જૂનો કેસ - ૧૦૦/-

તાત્કાલિક સારવાર ૨૪ કલાક (ઓન કોલ)



સુવિધાઓ:
- અદ્યતન સુવિધાઓ ધરાવતી ૫૦ બેડની મલ્ટીસ્પેશ્યાલીટી સુપરસ્પેશ્યાલીટી હોસ્પિટલ
- ૩ અદ્યતન ઓપરેશન થિએટર
- આંખ માટે અલગ ઓપરેશન થિએટર
- અદ્યતન સાધનોથી સજ્જ આઇ.સી.યુ / સી.સી.યુ એન.આઇ.સી.યુ / પી.આઇ.સી.યુ
- હાઇ ફ્રિકવન્સી એક્સ-રે
- સોનોગ્રાફી
- ૨૪X૭ ઈમરજન્સી, પેથોલોજી લેબ, ફાર્મસી
- હેલ્થ ચેકઅપ
- એમ્બ્યુલન્સ ઓન કોલ
- સ્ટ્રેચર લિફ્ટ
- કાફેટેરીયા

512/1, Nr. G6 Circle, Opp. SBI, Sector 23, Gandhinagar. Ph: 89808 09753 / 54, 79657 20003